૧૩૮

**હાઈકોર્ટ મેટર/સમયમર્યાદા**

ક્રમાંક-પીઆરઈ/૧૧૧૫/સીસી-૧૩૯/ક

શિક્ષણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ-૦૮/૧૨/૨૦૧૫

૧૦૦૪
છ-શાખા

પ્રતિ,
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,
ગુજરાત રાજય, ગાંધીનગર.

વિષય : ગુજરાતી માધ્યમ સિવાયની અન્ય માધ્યમની પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ખાલી પડેલ જગ્યાઓ ભરવા બાબત.

સંદર્ભ : પ્રા.શિનિ/નીતિ/૨૦૧૫/ક/૬૯૦૭ તા. ૯/૧૦/૨૦૧૫

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે વિષય તથા સંદર્ભે જણાવવાનુ કે રાજયની પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી માધ્યમ સિવાયના અન્ય માધ્યમના વિધાસયહાકની અનામત વર્ગની ખાલી જગ્યાઓ બિન અનામત વર્ગના ઉમેદવારોથી ભરવા અંગે સા.વ.વિભાગના તારીખ ૧૬/૩/૧૯૯૬ના ઠરાવ ક્રમાંક-પવસ/૧૦૯૩/મં-૧૭(ભાગ-૨)-ગ-૪ ના ફકરા-૨ ની જોગવાઇ મુજબ ભરતી કરવાની રહેશે. આ ભરતી અંગે ગુજરાતી માધ્યમ સિવાયના અન્ય માધ્યમના વિધાસહાયકો માટે જે જાહેરાત આપવામાં આવે તેમાં નિયમોનુસાર તમામ કેટેગરીની જગાનો ઉલ્લેખ કરવાનો રહેશે તથા આ જાહેરાતમાં ભવિષ્યમાં અનામત અથવા અનામતના બેકલોગની જગ્યાઓ સામે જયારે કોઇ કર્મચારીની ભરતી કરવામાં આવે ત્યારે તેવા પ્રસંગે બિન અનામત ઉમેદવારને છુટા કરવાના રહેશે અને ઉમેદવાર પાસેથી લેખિત બાંહેધરી લેવાની રહેશે. આ બાબતનો ભરતીની જાહેરાતમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

આપનો વિશ્વાસુ,

( પી.એન.બ્રહમભટ્ટ )
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ